# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) વિશ્વને અંહિસાનો રાહ ચિંધનારા મહાત્મા ગાંધીજીની આજે 155મી જન્મજયંતીની સમગ્ર દેશની સાથે રાજ્યભરમાં ઉજવણી.... પોરબંદર ખાતે મુખ્યમંત્રી સર્વધર્મ પ્રાર્થનામાં હાજરી આપશે
2) રાજ્યના પુરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી અને પુનર્વસન માટે કેન્દ્ર સરકારે 600 કરોડ રૂપિયાની સહાયની મંજૂરી આપી
3) મચ્છરજન્ય રોગચાળો ડામવા વધુ પંદર દિવસ માટે સર્વેલન્સ સહિતની આરોગ્ય વિભાગ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરાશે
4) ખેડાના ડભાણમાંથી અખાદ્ય કાળા મરી અને ભેળસેળ માટે વપરાતા પદાર્થનો રૂપિયા ૯ લાખથી વધુનો જથ્થો પકડી પાડતું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
5) રાજસ્થાનના ડુંગરપુર વિધાનસભાની યોજાનારી પેટા ચુંટણી દરમિયાન રાજસ્થાન - ગુજરાત સરહદે કોઇ ગેરકાયદે પ્રવૃત્તિ ન થાય તે માટે તંત્ર સતર્ક

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# gandhi -shashtri jayanti

દેશ આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની 155મી જન્મજયંતિએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે. દેશ સહિત રાજયભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

અમદાવાદમાં સાબરમતી આશ્રમ અને રાષ્ટ્રપિતાના જન્મસ્થળ પોરબંદરના કીર્તિ મંદિર ખાતે સર્વધર્મ પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપિતા ગાંધીજીએ અહિંસા અને સત્યાગ્રહના માર્ગે દેશની સ્વતંત્રતા ચળવળને નવી રાહ ચીંધી આઝાદી અપાવી હતી. મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે, સત્ય અને અહિંસાના પ્રખર અનુયાયી બાપુનું જીવન સમગ્ર માનવતા માટે અનોખો સંદેશ છે.

તેમણે લોકોને સત્ય, અહિંસા, પ્રેમ અને પવિત્રતાના મૂલ્યોને આત્મસાત કરવાનો સંકલ્પ કરવા અને મહાત્મા ગાંધીના સપનાના ભારતના વિચાર સાથે દેશ અને સમાજના વિકાસને સતત આગળ વધારવાનો પ્રયાસ કરવા આહ્વાન કર્યું છે.

આજે સ્વતંત્ર ભારતના બીજા પ્રધાનમંત્રી લાલ બહાદૂર શાસ્ત્રીની પણ જન્મજયંતિ છે. દેશ આજે તેમણે યાદ કરી રહ્યો છે. શાસ્ત્રીજીએ 1965ના યુદ્ધમાં નિર્ણાયક ભૂમિકા ભજવી દેશને વિજય અપાવ્યો હતો અને તેમણે જય જવાન, જય કિસાનનો નારો આપ્યો હતો.

---

- ડેસ્ક, કરણ -(NAVIN)

# CM MANSUKH MANDIVYA PORBANDAR VISIT

આજે ગાંધી જયંતિ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા પોરબંદરના કીર્તિમંદિર ખાતે સવારે 8 થી 9 દરમિયાન ખાતે પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ 9:10 થી. 9:20 સુદામા ચોક ખાતે શ્રમદાન કાર્યક્રમમાં તેમજ 9:25 થી 11 વાગ્યા સુધી બિરલા હોલ ખાતે યોજાનાર કાર્યક્રમ માં ઉપસ્થિત રહેશે.

ડૉ. માંડવિયા 11 થી 11:30 દરમિયાન ખાદી ભંડાર ખાતે ખરીદી કરશે, 11:30 થી 12 કમલાબાગ ખાતે વ્યાયામશાળા નું લોકાર્પણ કરશે. 12 થી :12:30 દરમિયાન કમલાબાગ પોલીસ સ્ટેશન ની મુલાકાત લેશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# CENTRE FUND RELEASE

કેન્દ્ર સરકારે પૂરથી પ્રભાવિત 14 રાજ્યોને પાંચ હજાર 805 કરોડ રૂપિયાથી વધુની રકમ જાહેર કરી છે. જેમાં ગુજરાતને 600 કરોડ, તેલંગાણાને લગભગ 417 કરોડ, મહારાષ્ટ્રને 1 હજાર 402 કરોડ અને આંધ્રપ્રદેશને 1 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ ફળવાઈ છે. આ રાજ્યો આ વર્ષે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન અત્યંત ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત થયા હતા.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, લોકોને પડતી મુશ્કેલીને ઓછી કરવા માટે સરકાર અસરગ્રસ્ત રાજ્યો સાથે ઉભી છે.

---

- પુલ, રિદ્ધિ -(NAVIN)

# rishikesh patel rogchalo samiksha

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં પાણીજન્ય અને વાહક જન્ય રોગોની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. તેમણે ચાલુ વર્ષે વરસાદની પેટર્નને ધ્યાનમાં લેતા હજુ વધુ ૧૫ દિવસ સુધી ડેન્ગ્યુ માટે સર્વેલન્સ અને પોરાનાશક કામગીરીને વધુ સઘન બનાવવા સૂચન કર્યું હતું.

તેમણે સમગ્રતયા પરિસ્થિતિનો વિગતવાર તાગ મેળવીને આરોગ્ય વિભાગને જરૂરી સૂચનો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં સીઝનલ ફ્લુના કુલ 1614 કેસો નોંધાયા છે જેમાં છેલ્લા 15 દિવસથી નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ઉપરાંત ઝાડા ઉલટી, કોલેરા, ટાઈફોડ જેવા પાણીજન્ય રોગોમાં પણ ગત વર્ષની સાપેક્ષમાં ઘટાડો નોંધાયો છે .

----------------------------------------------------------------------

- અખબારી યાદી કરણ

-(NAVIN)

# SWACHTA HI SEWA DISTRICT

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ગઈકાલે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તાપી જિલ્લા વહિવટી તંત્ર અને તાપી જિલ્લા પંચાયત દ્વારા મુખ્યત્વે રોડની સફાઈ, મુખ્ય માર્ગોની સફાઈ, આઈકોનિક સ્થળોની સફાઈ, રેલી જેવા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં થાનગઢ તાલુકામાં ઔદ્યોગિક સંગઠનોના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જુદા જુદા ઔદ્યોગિક એકમોના કર્મચારીઓએ ઔદ્યોગિક વિસ્તારમાં સઘન સાફ સફાઈ હાથ ધરી હતી. તેમજ કાયમી સ્વચ્છતાનો આગ્રહ રાખી અન્ય લોકોને પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા માટે "સ્વચ્છતા શપથ" લીધા હતા.

ડાંગ જિલ્લા નહેરૂ યુવા કેન્દ્રના યુવાઓ દ્વારા, આહવા અને વઘઇ તાલુકામા વિવિધ ગામોમાં સ્વચ્છતાના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સ્વચ્છતા હી સેવા” અભિયાન હેઠળ કચ્છ જિલ્લામાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે ત્યારે વેસ્ટ ટુ આર્ટ અંતર્ગત જિલ્લાની શાળાઓમાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું

-----------------------------------

ptc ,તાપી, ડાંગ, (ઇન્ફો,સુરેન્દ્રનગર ,કચ્છ ),,જયેશ પટેલ નવીન

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# AKHADHAY MARI

અખાદ્ય કાળા મરી અને ભેળસેળ માટે વપરાતા પદાર્થનો આશરે રૂપિયા ૯ લાખથી વધુનો જથ્થો ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખેડાના ડભાણ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યું હતું.

એક ગોડાઉન ખાતે થી શંકાસ્પદ કાળા મરી, સ્ટાર્ચ પાઉડર, ઓઈલ અને ગુંદર પાઉડરનો અંદાજીત ૯ લાખ રૂપિયાનો આશરે ૨ હજાર ૬૦૦ કિગ્રાનો જથ્થો જપ્ત કરાયો હતો..

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નડિયાદ અને એસ.ઓ.જી. પોલીસ, નડિયાદની ટીમ ને મળેલ ખાનગી બાતમી ના આધારે  દરોડા પાડીને પેઢીમાંથી લીધેલ તમામ પાંચ નમૂનાઓ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપેલ છે.

પદાર્થો બિન-આરોગ્યપ્રદ આ નમૂનાના પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ બાબતમાં આગળની ઝીણવટ ભરી તપાસ ચાલી રહી છે.

---------------------------------------------------------------------

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# Harsh Sanghvi Somnath

તાજેતરમાં પ્રથમ જ્યોતિર્લીંગ શ્રી સોમનાથ મંદિરનાં ઇતિહાસમાં સૌથી મોટી ડેમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં ગેરકાયદેસર રીતે કેટલાક બાંધકામો અને ધાર્મિક સ્થળો સહિતના બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા. સ્થાનિક તંત્રની આ કાર્યવાહી સામે અરજદારોએ હાઈકોર્ટનાં અરજી કરી હતી. રાજ્યના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈ કાલે આ ઘટના અંગે પ્રતિક્રિયા આપી હતી.

(Byte Harsh Sanghvi Somnath Demolition)

------------------------------------------------------------------

- પીટીસી -

# ARVALLI

રાજસ્થાનના ડુંગરપુર વિધાનસભા પેટા ચુંટણી અંતર્ગત અરવલ્લી ખાતે ગુજરાત - રાજસ્થાન આંતરરાજ્ય સીમા બેઠક યોજાઇ હતી.. આ પેટાચૂંટણીની આદર્શ આચારસંહિતા અંતર્ગત ગુજરાત – રાજસ્થાન બોર્ડરને કારણે બંને રાજ્ય સાથે સંકળાયેલા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, પોલીસ અધિક્ષક તથા અધિકારીઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે યોજાયેલી આ બેઠકમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાય તે માટે ગેરકાયદેસર રીતે પ્રવેશતા દારૂ તથા હથિયારો, રોકડ રકમ અને અસામાજીક તત્વોને અટકાવવાના હેતુથી આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત અને રાજસ્થાન રાજ્યની બોર્ડર પર જીલ્લાવાર અને સંયુક્ત નાકાબંધી યોજના બનાવવી, બોર્ડરથી નજીક આવેલા મતદાન કેન્દ્રોની યાદીની એક બીજા રાજ્ય સાથે આપ લે કરવી, ચૂંટણી સમય દરમિયાન આવનારી સમસ્યાઓનું સંયુક્ત રીતે નિરાકરણ લાવવું જેવા વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી.

--------------------------------------------------------------------

- પીટીસી- અરવલ્લી –હર્ષલ પંડ્યા -(NAVIN)

# Demi-3 Dam

ટંકારા તાલુકાના ગજડી નજીક આવેલા ડેમી -૩ સિંચાઈ યોજનાના દરવાજા અને પિલર જોખમી હોવાના અહેવાલને પગલે સિંચાઇ વિભાગે ડેમને તાત્કાલિક ખાલી કરવાની કાર્યવાહી શરૂ થઈ છે.

છેલ્લાં એક વર્ષથી સિંચાઈ વિભાગની નિષ્ણાત સમિતિ દ્વારા ડેમની સતત મુલાકાત લીધી હતી. આ ડેમમાં જળ સંગ્રહ કરવો હિતાવહ ન હોવાના સમિતિના અભિપ્રાય બાદ સરકારે ડેમ ખાલી કરવાની સૂચના જારી કરી હતી. ડેમી- ૩ ડેમનું નિર્માણ વર્ષ 2002માં થયું હતું. ડેમમાં ૩૩૯ એમસીએફટી જળ સંગ્રહ ક્ષમતા છે.

-----------------------------------

-મોરબી પીટીસી, અનિલ પટેલ, નવીન

# GCCI FOOD SEFTY AWENESS PROGRAM

**ગુજરાત વ્યાપારી મહામંડળ દ્વારા સ્ટે હાઈજેનીક, સ્ટે સેફ વિષય પર ખોરાક ઉદ્યોગ માટે તહેવારોની સિઝનમાં ફૂડ સેફ્ટી અને ફૂડ અવેરનેસ પર ઇન્ટરેક્ટિવ સેમિનાર યોજાયો હતો..**

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ.એચ.જી. કોશિયાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો સલામત ખોરાકની તૈયારી, સ્વચ્છતાના ધોરણો અને FSSAI નિયમોના પાલન વિષે ચર્ચા કરી હતી.

તહેવારો દરમિયાન ઉજવણીના સમયમાં ખોરાકના મહત્વ અને સ્વચ્છતાના ધોરણોને જાળવી રાખવાની આવશ્યકતા પર આ કાર્યક્રમમાં ભાર મૂકાયો હતો.

---

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)